" મજબૂત લોકશાહી – સૌની ભાગીદારી "          "Electoral Literacy for Stronger Democracy"

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, પાટણની કચેરી

જિલ્લા સેવા સદન, પહેલા માળે, પાટણ
ફોન નં.(૦૨૭૬૬) – ૨૨૨૨૧૪, ફેક્સ નં.(૦૨૭૬૬) – ૨૩૩૨૦૧
E-mail ID- patan.dydeo@gmail.com

**ELECTION/ URGENT**

નં.ઈએલસી/SSR-2023/વશી/૧૪૮૪/૨૦૨૩
તા.૧૮ . ૦૪ . ૨૦૨૩

<u>પ્રતિ,</u>
પ્રોપાયટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા.લિ.
નડિયાદ, જિ.ખેડા

<u>વિષયઃ–</u> <u>**મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૩**</u>
સંકલિત મુસદા મતદારયાદી (Integrated draft roll) નું છાપકામ કરવા વર્કઓર્ડર આપવા બાબત.

<u>સંદર્ભઃ–</u> મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ–ઈએલઆર/૧૪૨૩/૨૦૫૦/છ, તા. ૦૩.૦૪.૨૦૨૩

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, ભારતનાં ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા તા.૦૧.૦૪.૨૦૨૩ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે સંકલિત મુસદા મતદારયાદી (Integrated draft roll) ની તા.૦૫.૦૪.૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધિ કરવાની થાય છે.

સંદર્ભના પત્રમાં જણાવ્યાનુસાર મતદારયાદીની પ્રસિધ્ધિ માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રીની કચેરીએ, મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી માટે, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી માટે, માન્ય રાજકીય પક્ષોને વિનામૂલ્યે આપવા માટે અને રાજય ચૂંટણી પંચને આપવા માટે સંકલિત મુસદા મતદારયાદીની નકલો પુરી પાડવાની થાય છે.

સબબ, ઉકત વિગતે અત્રેના જિલ્લા માટે સંકલિત મુસદા મતદારયાદી ૦૯ સેટની તાકીદે જરૂરીયાત હોઈ છાપકામ પૂર્ણ કરવા આ વર્કઓર્ડર આપવામાં આવે છે.

"નોંધ પર માન.જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રીના આદેશાનુસાર"

( એ.વી.પારગી )
**નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી**
**પાટણ**